R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-27 • ISSUE: 47 DATE: 24-11-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One •YERLY-SUB:Rs. 60/-

(સરનામામાં સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) -ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## એચ ૧-બી ધારકના જીવનસાથીની વર્ક પરમિટ ચાલુ રખાવવા માટે યુએસ કોગ્રેસમાં બે સાંસદો બીલ લાવ્યા

અમેરિકામાં આવેલા એચ૧-બી વિઝાધારકના જીવનસાથીને આપવામાં આવેલી વર્કપરમીટ ટ્રમ્પ સરકાર રદ કરવા માંગે છે.તેથી ટ્રમ્પને આવી વર્કપરમિટ રદ કરતાં રોકવા માટે અમેરિકાની સંસદમાં બે સાંસદો દ્વારા બિલ લાવવામાં આવ્યું છે.અમેરિકા એચ ૧-બી વિઝાધારકના જીવનસાથીને એચ-૪ વિઝા આપે છે. અને તેમને આપવામાં આવેલી વર્ક પરમિટ પર તે અમેરિકામાં જોબ કરી શકે છે.

આવા એચ ૧-બી અને એચ-૪ વિઝાધારકોમાં સંખ્યાબંધ ભારતીયોનો સમાવેશ થાય ચે. જો તેમને અપાયેલી વર્કપરમિટ રદ કરાય તો અનેક પરિવાર વિખુટા પડી જવાની ભીતી સેવાય છે. આ ઉપરાંત ટ્રમ્પ સરકારના આ પગલાંથી અનેક વિદેશી કર્મચારીઓને તેમની કુશળતાનો ઉપયોગ અમેરિકન બિઝનેસ સામે સ્પર્ધા કરવા ફરજ પાડી શકે છે તેમ બિલ રજુ કરનાર બે સાંસદો અન્ના જી ઈસુ અને ઝોયે લોફ ગ્રેને કહ્યુ છે.આ બંને સાંસદો એચ-૪ એમ્પ્લોયમનેટ પ્રોટેકશન એકટ સંસદમાં લાવવાની ધારદાર રજુઆત કરી છે.યુ.એસ.માં ઓબામા સરકાર દ્વારા એચ ૧ બી વિઝાધારકના જીવનસાથીને વર્કપરમીટ આપીને યુએસ કંપનીઓમાં જોબ કરવાની પરવાનગી અપાઈ હતી.



એચ ૧બી વિઝાધારકના જીવનસાથી કે ખુબજ નિકટના પરિવારના સભ્યને એચ-૪ વિઝા અપાય ચે. અને તેઓ વર્કપરમીટ મેળવીને અમેરિકામાં જોબ કરી શકે છે. એચ-૪ વિઝા શરુ કરવામાં આવ્યા પછી ભારતની ૧ લાખ મહિલાઓથી વધુ મહિલાઓને ત્યાં વર્ક પરમિટ અપાઈ છે. જેને કારણે અમેરિકામાં સ્પર્ધા વધી છે અને એચ ૧બી વિઝાધારકોનો આર્થિક બોજો ઘટ્યો છે.તેમ બંને સાંસદોએ કહ્યુ હતું. એચ -૪ એમ્પ્લોયમેન્ટ પ્રોટેકશન એક્ટ ટ્રમ્પ સરકારને આવા મહત્વના એચ૧બી વિઝાધારકના જીવનસાથીને અપાતી વર્કપરમીટ રદ કરતાં રોકશે અને એચ-૪ વિઝાધારકના અમેરિકામાં કામ કરવાના અધિકારનું રક્ષણ કરશે.આને કારણે પરિવારોમાં એકતા જળવાશે અને પરિવારો તુટતાં બચશે તેમ ઈસુએ જણાવ્યુહતું.જો વર્કપરમિટ રદ કરાશે તો અનેક વિદેશી પરિવારોમાં ભાગલા પડશે અને તેમને પોતાના વતન પાછા જવાની ફરજ પડશે . તેઓ ત્યાં જઈને અમેરિકનોના બિઝનેસ સામે સ્પર્ધા ઉભી કરશે.

## ચુંટણીમાં ઉમેદવારે પોતાના ગુનાઓ ટીવી ચેનલમાં પ્રસારિત કરવા પડશેઃ જસદણ લોકસભા ચુટણીથી આ નિયમ અમલી બનશે

લોકસભા-વિધાનસભા ચુંટણીઓમાં ઉમેદવારી કરનાર નાગરિકે પોતાની સામે નોધાયેલા ગુના,સજાની હકીકતો પોતાના મતદારો સમક્ષ જાહેર કરવી ફરજીયાત થઈ પડશે.તેના માટે ટીવી ચેનલો અને અખબારોમાં બાકાયદા જાહેરાતો આપીને મતદારોને જાણ કરવી પડશે તેમ ભારતના મુખ્ય ચુંટણી પંચ દ્વારા કહેવાયું છે.

ચુંટણીમાં ઉમેદવારી પત્ર સાથે જ ઉમેદવારને પોતાના સોગંદનામામાં ફોજદારી કેસો,દેવું, મિલકત, શૈક્ષણિક લાયકાત જાહેર કરવાની હોય છે. અત્યાર સુધી ચુંટણી અધિકારી અને પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ રહેતુ આ સોગંદનામાની હકીકતો ઉમેદવારે ઉમેદવારી પત્ર પાછું ખેચવાની છેલ્લી તારીખથી ચુંટણીના બે દિવસ પુર્વેના સમયગાળા દરમિયાન ઓછામાં ઓછી ત્રણ વખત ટીવી ચેનલો મારફતે અલગ અલગ ત્રણ દિવસ નિયત કરેલા સમયે પ્રસિધ્ધ કરવાની રહેશે.એટલું જ નહીં,બહોળો ફેલાવો ધરાવતા સમાચાર પત્રોમાં તેની પ્રસિધ્ધિ કરવાની રહેશે.તેની નકલો ચુંટણી અધિકારને ખર્ચના હિસાબો સાથે રજુ કરવાની રહેશે.

ભાજપ-કોગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષોએ પોતાના ઉમેદવારો સામેના ફોજદારી કેસોની જાણ હોવાની ચુંટણી પંચ સમક્ષ જાહેર કરવું પડશે.એટલું જ નહી પોતાના પક્ષની વેબસાઈટ ઉપર પણ તેનો બહોળો ફેલાવો કરવો પડશે.

એફઆઈઆરમાં દર્શાવેલા આરોપો અંગે અખબારોમાં પણ જાહેર ખબર દ્વારા કબુલાત કરવી ફરજીયાત રહેશે.આમ ચુંટણીમાં ઉમેદવારો માટે કડક કાયદાની નજરમાંથી પસાર થવું પડશે. જો કે આમાંથી રસ્તાઓ શોધી કાઢવા માટે રાજકીય પક્ષો અને ઉમેદવારો નવા નવા હથકંડા અપનાવશે તેમાં લગીરે શંકા નથી પરંતુ ખોટા લોકો પકડાઈ જશે તો પ્રજાને ફરીથી ઉમેદવાર નક્કી કરવો પડશે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

## ચુંટણી પંચ,ન્યાયતંત્ર,કેગની વિશ્વસનીયતા સામે પણ પ્રશ્નાર્થ સર્જાયો : પુર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજી



છેલ્લા ૭૦ વર્ષથી આપણે સંસદીય લોકશાહીને સારી પેઠે સ્થાપિત કરવામાં સફળ રહ્યા છીએ. ન્યાયતંત્ર,ચુંટણીપંચ,કેગ સહિતની ભારતની સ્વતંત્ર સંસ્થાઓને આપણી પોલીટીકલ સિસ્ટમને સપોર્ટ કરવી જોઈએ,તેઓ આજે ગંભીર દબાણમાં આવી જતાં તેમની વિશ્વસનીયતા સામે પ્રશ્નાર્થ સર્જાયો છે. તેમ તેમણે આઈ.આઈ.એમ અમદાવાદ ખાતે આર્ટીક્યુલેટીંગ પોલીસી એન્ડ ઈન્સ્ટીટ્યુશનલ એજન્ડા ફોર ફયુચર ટ્રાન્સફોર્મેશન ઓફ ઈન્ડીયા વિષય પર લેકચર કરતાં પુર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીએ જણાવ્યુ હતું.

પબ્લીક પોલીસી ફોર ઈન્કલુઝિવ ડેવલપમેન્ટ કોર્સ અંતગર્ત અમદાવાદના મહેમાન બનેલા પુર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજી સમક્ષ સ્ટુન્ડટે પોતાના વિચારો રજુ કર્યા હતા જેમને આવકારી દેશના વિકાસમાં મદદરુપ થાય તેવા ગણાવ્યા હતા. આ પ્રસંગે તેમણે જણાવ્યુ હતું કે કોઈ પણ વાત પર ચર્ચા વિચારણા કરવા કે કોઈ પણ ખરડો પસાર કરવા માટે ૩ડી ફોર્મ્યુલા જેમાં ડિબેટ,ડિસ્કશન અને ડીસિઝનને બદલે સંસદ કોમ્બેટ થાય છે તેને ખોરવી દેવાના પ્રયાસો કરવામાં આવે છે. સંસદમાં એક પણ બિલ કે ખરડો પારસ્પરિક સંમતિ કે એકેડવેટ ડિબેટથી પસાર થતો નથી જે ચિંતાજનક બાબત છે.સંસદ આજે ડિબેટ કરવાને બદલે યુધ્ધનું મેદાન બની ગયું છે.લોકશાહી સંસ્થા જ જો અંડર પ્રેશર કામ કરતી હોય તો એ ગંભીર બાબત છે.

## કેન્દ્રીય વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ ૨૦૧૯ની લોકસભાની ચુંટણી નહીં લડે

ભાજપના સિનિયર નેતાઓ પૈકીના એક કેન્દ્રીય વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે ૨૦૧૯ની લોકસભાની ચુંટણી નહી લડવાની જાહેરાત કરતાં રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા થવા પામી છે.ભાજપને તેમના આ નિર્ણયથી આંચકો લાગ્યો છે.તેમણે મધ્યપ્રદેશમાં ચુંટણી પ્રચાર દરમિયાન પત્રકારોને આ વાતથી માહિતગાર કર્યા હતા.આ પગલાં પાછળનુ કારણ તેમનું આરોગ્ય અંગેનુ છે.ઈન્દરોમાં ૬૬ વર્ષીય સુષ્મા સ્વરાજે જણાવ્યુ હતું કે ચુંટણી લડવાની કે નહી તે પાર્ટી નક્કી કરે છે. પરંતુ મે આગામી ચુંટણી નહીં લડવાનું મન બનાવી લીધું છે. આ વાતની જાણ પાર્ટીને કરી દેવાઈ છે.છેલ્લા એક વર્ષથી તેઓ ચુંટણીને લગતી મીટીગ્સમાં હાજરી આપતા નથી. તેઓ સક્રીય નથી તેવી ટીકાઓનો તેમણે ખુલાસો કર્યો હતો. કીડનીની સમસ્યાને કારણે હું એક વર્ષથી સક્રિય નથી. સુષ્મા વિદિશાથી સાંસદ તરીકે ચુંટાયેલા છે.પાર્ટીની ઉચ્ચ નેતાગીરી સાથે તેમના સબંધોને કારણે તેમને ઘણી મુસીબત સહેવી પડી છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
**http://jagadishchristian.com**
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

મહારાષ્ટ્ર સરકારે છેલ્લા ગત પાંચ દિવસોમાં બીજ વખત ઊગ્ર સામાજીક આંદોલન ખેડુતો દ્વારા કરવામાં આવ્યું તેના કારણે સરકારે ઘુંટણીયે પડવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નહી અને આખરે ખેડુતોના નેતાઓ સમક્ષ લેખિતમાં માંગણીઓ સ્વીકારી લીધી.આ પહેલા ખેડુતોએ કરેલા શાંતિપુર્ણ આંદોલને દેશભરમાં તેનો ટેકો મેળવ્યો હતો. કારણકે કોઈપણ જાતના ઉગ્ર દેખાવો વગર,તોડફોડ કે હિંસા આચર્યા વગર શાંતિપુર્ણ રીતે તેઓએ તેમની માંગણીઓ સંતોષાય માટે આંદોલન કર્યુ હતું.આંદોલનકારી અને તેના નેતાઓને ખાસ ધન્યવાદ આપવા ઘટે કે તેમણે સરકાર સામે ચલાવેલા આંદોલન શિસ્તબધ્ધ રીતે ચાલ્યું અને તેમની માંગણીઓ માટે શાંતિપુર્ણ રીતે દેખાવો યોજ્યા. આ ઉપરાંત તેમણે મહારાષ્ટ્રના નાગરિકો અને વિદ્યાર્થીઓની હિત માટે પોતાની કુચના ટાઈમો ફેરવીને પરીક્ષાથીઓને અગવડ ના પડે તે રીતે આયોજન કર્યુ.આદિવાસી ખેડુતો,કિસાનો અને અન્ય આંદોલન સાથે જોડાયેલા લોકોએ શિસ્તબધ્ધ જે રીતે પુરી કુચનું આયોજન કર્યું તે કાબિલે દાદ માંગી લે તેમ છે.

ફરીથી બીજી વાર ખેડુતોનો મહાસાગર છલકાયો અને તેમણે મહારાષ્ટ્રની વિધાનસભા તરફ કુચ કરી પરંતુ તે પણ શાંતિપુર્ણ રીતે.સરકારે તેમની માગંણીઓને લેખિત રીતે સ્વીકારી અને ત્રણ મહિનામાં તેનો ઉકેલ લાવવાની ખાત્રી આપી.જો કે સરકારે એક કાંકરેબે પક્ષી માર્યા જેવો ઘાટ છે.આવનાર દિવસોમાં લોકસભાની ચુંટણીઓને લક્ષમાં રાખીને જનમત વિરોધમાં પલટાઈ નહી જાય તેની દરકાર રાખતાં સમય લંબાવ્યો અને જે તે સમયની નજીક જાહેરાત કરીને મતબેંકને પોતાની તરફેણમાં પલટાવી નાખવાનો વ્યુહ પણ તૈયાર કર્યો. ખેર, એ સત્તા મેળવવાના નુસખા સહુ કોઈ કરે છે તેમાં નવાઈ પામવા જેવું નથી. પરંતુ આ રાજકારણીઓ દર વખતે નુસખા અજમાવીને દેશની પ્રજાન મુરખ બનાવે છે તે અગત્યનું છે.

ફરીથી ચુંટણી ટાણે મંદિરનો આલાપ ગુંજવા લાગ્યો.ભાજપના સાથી પક્ષો એ હવે મેદાન સંભાળી લીધું છે. સરકાર સીધો જ મદિર બાબતે હુમલો કરી શકે નહીં તેથી વિએચપી અને શિવસેનાને વિરોધીઓના નાતે પોતાના જ હિતમાં મેદાનમાં ઉતારી દીધી છે.મંદિર બનાવવા માટે આ લોકો પ્રયત્ન કરશે. યોગીજી અને મોદીજી આંખો બંધ કરીને ભજનોનો આલાપ ગાશે અને ભક્તજનો તેમના કાર્યને પુરુ કરવામાં મદદ કરશે. મંદિર કરતાં ચુંટણી વધારે અગત્યની છે. સત્તા મેળવવા માટે કોઈપણ મુદ્દો હવે કામ લાગે તેમ નથી.વિકાસને બહાને હવે કોઈ બહાના ચાલે તેમ નથી.અને બીજા અનેક મુદાઓ તેમની વિરુધ્ધમાં ચાલી રહ્યા છે. નોટબંધી,જીએસટી,રાફેલ કે રિઝર્વ બેન્ક વિગરે તેમનાથી વિરુધ્ધમાં જઈ રહ્યા છે માત્ર એક એવો મુદ્દો છે જેના મારફતે હજુ પણ લોકોને લલચાવી શકાય અને અંધશ્રધ્ધામાં લીન એવી પ્રજાને ફરી એક વાર મુરખ બનાવવાનો કીમીયો કારાગત નીવડે અને સત્તા હસ્તગત કરી લેવાય તેનો મનસુબો દેખાઈ રહ્યો છે.

ગૌમાંસ,અસહિષ્ણુતા કે કોમવાદ વિગેરે ધીમે ધીમે પડદા પાછળ જતા ગયા છે પરંતુ તેનો સાવ ભુલાઈ ગયા નથી. જ્યારે કામમાં લેવા પડે ત્યારે તેના માટે ભક્તજનો તૈયાર બેઠેલા છે અને તેને ઉપયોગમાં લઈને વાતાવરણમાં ફરીથી ગરમી લાવી શકાય.લોકો મોઘવારી,ભ્રષ્ટાચાર એવા મુદ્દાઓ તરફ જોઈ રહી છે પરંતુ ઈવીએમમાં તેની અસર થાય છે કે નહી તે જોવાનું રહ્યું.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## રિચાર્જ થયા તમે ?

મથુર વસાવા . ઉના.

મોબાઈલ રીચાર્જનું માર્કેટ આજકાલ ખુબ ફુલુફાલ્યું છે.શહેરથી ગામ ભણી પગલાં માંડીએ ત્યારે ખુણે ખાંચરે નાની-મોટી બાપુની નહીં પણ રિચાર્જની મઢુલીઓ નજરે પડે છે.દુકાનોની એક પછી એક શાખાઓ બેન્કોની જેમ ખુલતી જતી હોય છે.રિચાર્જ ન કરાવાથી ટેલીવિઝનમાં ઝરમરીયા જ દેખાય.ટિલીવિઝનને પણ જાણે અમાસની રાતમાંથી પસાર થવું પડે. રિચાર્જ ન કરાવવાથી ટેલીવિઝનના ખંભાતી તાળા વાગી જાય એ વાત લગભગ નક્કી જ. રાતના આઠના ટકોરે ટી.વી. પર પ્રસ્તુત થતી સીરીયલો જોવા ન મળે. અનો ફરજીયાતપણે રિચાર્જ ન કરાવવાથી આજના પતિદેવો પર પર્વત જેવી મોટી આફત આવી પડે. જ્યારે ટેલીવિઝનના રિચાર્જ થઈ જાય ત્યારે પતિદેવો પરની મોટી આફત ટળી જાય.

ઈન્ટરનેટ વિનાનો મોબાઈલ આજના યુવાનોને કેમ ગમે? આજના માનવીને જેમ જળ વિના જીવન નિરર્થક લાગે તેમ આજના યુવાનોને ઈન્ટરનેટ વિનાનો મોબાઈલ નિરર્થક લાગે. શહેરની મુખ્ય કચેરીઓના કોમ્પ્યુટરો ઈન્ટરનેટ કે રિચાર્જ વિના ઠપ થઈ જતા હોય છે.ગામડેથી કામ લઈને આવેલા ગ્રામજનો વિલુ મોઢું લઈ ગામ ભણી પરત જતા હોય છે. જે આશાએ ગ્રામજનો કચેરીએ આવતા હોય છે તે સઘળી આશાઓ નંદવાઈ જતી હોય છે. કચેરીઓના કારકુનોને જેમ શિયાળાની ટાઢમાં છીંક આવતી હોય તેમ વારંવાર બીગ બગાસાઓ આવતા હોય છે. જો આજ કચેરીઓમાં રિચાર્જ થઈ જાય અને ઈન્ટરનેટની દોડાદોડી શરુ થઈ જાય તો ખોરંભે ગયેલું કામ ફરી બેઠું થઈ જાય. ટી.વી. મોબાઈલ,બીલ અને કોમ્પ્યુટર જેવા કામો રિચાર્જ પર નભતા હોય છે. લકઝરી બસમાં ઉના જવાનું થયું ત્યારે બસમાં એક ડોકટરનો અભ્યાસ કરી રહેલો યુવાન બીજા ભાઈને કહી રહ્યો હતો આજે હોસ્પીટલમાં અને સ્કુલો નવી ખોલો એટલે ચાલી જ જાય. આજની ભાગદોડવાળી જીંદગીમાં માનવીને રિચાર્જ થવામાં ફુરસદ નથી. માનવી આખો દહાડો યંત્ર બની જાય છે.ઓફીસનું કામકાજનો અતિયશ બોજ ઉપાડી ઘરના ઊંબરે લાવી ઊથલાવી દેતો હોય છે. બાળકો પત્ની અને ઘરડા માંબાપ સાથે સુખ-દુઃખની વાતો કરી શકતો નથી.પરિવારમાં વાતતંતુની શરુઆત થાય ખરી પણ અર્ધ વચ્ચેથી તુટી જતી હોય છે.અરુણોદય થાય એટલે ઓફિસની અટેચી ઉપાડી મોટરસાયકલ પર બેસી ઓફિસ ભણી તેજ ગતિમાં જતો હોય છે.ઓફિસેતી સાંયકાળે ઘેર પરત ફરતો હોય ત્યારે થાક, નિરાશા,ક્રોધ અને તાણ વગેરે બિનજરુરી જીંદગીની ચીજો હાટ બજારમાંથી જાણે ખરીદીને ઘરમાં ખંખેરતો હોય તેમ લાગે છે.

ભાગદોડની જીંદગીમાં આજનો માનવી હસે ક્યારે ? આનંદ પામે ક્યારે?શાળાએથી મળેલું બાળકનું પ્રમાણપત્રક ક્યારે તપાસશે ? ઉગતા સુરજની વાત રહી દુર,પણ ડુબતા સુરજને ક્યારે નિહાળશે ? ઘરના આંગણાંમાં કે કુંડામાં તરોતાજા ખીલેલા ફુલોને ક્યારે નિહાળશે ? માનવી ઘણીખરી માણવા ની ચીજો જીંદગીમાં ખોઈ બેઠો છે.સતત ભાગદોડની જીંદગીમાં ઘડી બે ઘડી ખમી જાય તો માનવી રિચાર્જ થઈ શકે તેમ છે.જે માનવી ઓફિસનું કામકાજ ઘરમાં આવતાં જ ઊબરાની ખીંટીએ ટીગાળી દઈને આવે તે માનવી પુરેપુરો રિચાર્જ થઈને પરિવારમાં ફુલ ટોકટાઈમમાં વાતચીત કરતો હોય છે.છૈયા છોકરાંઓ સાથે પેટ ભરીને વાતો કરતો હોય છે. માનવીનો સાંજે ચિમળાઈ ગયેલો ચહેરો બાળકોને જોતાં જ ખીલી ઉઠતો હોય છે.

અમારી છશાળાની ખેતીવાડી વિભાગ સંભાળતાં ભાઈ મેચ ફુલટાઈમ રિચાર્જ થયેલા જોયો છે. રસ્તે કોઈને ભેટો થઈ જાય ત્યારે તે સામેની વ્યક્તિને અચુક પુછે,કેમ ભાઈ મોજમાં ને ? સામેની વ્યક્તિ ઉત્તર મળતો હોય હા, ભાઈ મોજમાં જ હો. આપણે તો મોજમાં જ હોઈએ. આમ વાતનો ટુંકામાં જ અંત લાવે. તેમનો ચહેરો આખો દિવસ ખીલેલો જ જોવા મળે.ક્યારેય પણ વિષાદ ન અનુભવે. તેમના ચહેરા પર હાસ્યનું તરંગ અચુક જોવા મળે. ખેતી કામ તેઓ પુરી તાકાતથી કરે, કોઈને પણ આસપાસમાં ખલેલ પહોચાડે નહીં.કામમાં પુરેપુરુ ધ્યાન આપે. કામ કરવાની ધગશ તેમના લોહીમાં છે.તેમના ચહેરા પર તાજગી અને આનંદ જોઈને સામેની વ્યક્તિ આપોઆપ રિચાર્જ થઈ જવાય,કોઈપણ માનવી તેમનો ચહેરો જોઈને તાજગી અનુભવે,, માનસિક તાણ કે દુઃખમાં ડુંબેલો માનવી તેમનો ચહેરો જોઈને જીંદગીનો ભાર હળવો થઈ જાય.

રોજિંદી જીંદગીમાં આપણને ઘણા માનવીનો ભેટો થતો હોય છે. તેઓ થકી રિચાર્જ થવા માટે ઘણા વિકલ્પો મળતા હોય છે. દુઃખના બોજથી લદાયેલા કે દુઃખના કુવામાં પડેલા માનવીને તેમાંથી બહાર ખેચી કાઢનારા માનવીઓની આજે કાંઈ ખોટ નથી. આપણે જીંદગીરુપી બેટરી ફુલ રાખીએ અને વખતોવખત મળતા અવસરમાં રિચાર્જ થતા રહીએ.બીજું તો અંતે હું શું કહું આજે તો દસ રુપીયાનું પણ છોટા રિચાર્જ થાય છે.




વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો


## ૧૯૪૭ પછી દેશમા રાહુલ ગાંધી જેવો કોઇ નાસમજ નેતા નથી : અરુણ જેટલી

નાણાં પ્રધાન અરુણ જેટલીએ કોગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી પર પ્રહારો કરતાં કહ્યુ હતું કે અત્યાર સુધીમાં કોગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી જેવો કોઈ નાસમજ નેતા નથી થયો. રાફેલ વિવાદ મુદ્દે જેટલીએ કહ્યુ હતું કે વર્ષ ૨૦૦૭માં થયેલી ઓફર સાથે તુલના કરતાં રાહુલ તે પછી હાથ ધરાયેલી એસ્કલેશન પ્રોસેસને ભુલી ગયા. હથિયાર લાગ્યા વિનાના વિમાનની તુલના હથિયારો સાથેના વિમાન સાથે કરી દીધી.જેટલી એ કહ્યુ હતું કે ખાલી વિમાનની કોઈ ક્ષમતા હોતી નથી.હથિયાર અને આયુધ ફિટ થયા પથી જ તે સક્ષમ બને છે. આ બંનેની તુલના એક ખાલી પ્લોટ અને પ્લોટ પર ઊભેલા મકાન સાથેની તુલના બરોબર છે. તેમણે કહ્યુ કે ત્રણ મહિનાથી ખોટું બોલાઈ રહ્યું છે. તુલના કરશો તો જોઈ શકશો કે



હથિયાર સાથેનું વિમાન ૨૦ ટકા અને ખાલિ વિમાન ૯ ટકા સસ્તા ભાવે લીધું છે.

ભારત-ફ્રાંસ વચ્ચે ૨૦૧૫માં ૩૬ રાફેલ વિમાનોનો સોદો થયો હતો.કોગ્રેસનું કહેવું છે કે તેમાં કૌભાંડ થયું છે.રાહુલ ગાંધી કહે છે કે યુપીએ સરકાર ૫૨૬ કરોડમાં એક વિમાન ખરીદવાની હતી.જે એનડીએ સરકારે ૧૬૦૦ કરોડમાં ખરીદ્યું છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

# ભાજપે મહત્વની સંસ્થાઓને નષ્ટ કરી નાંખી : મમતા બેનરજી

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કેન્દ્રમાં ભાજપ નેતૃત્વ વાળી એનડીએ સરકાર પર શાબ્દિક ચાબખા મારતાં કહ્યુ હતું કે ભાજપ સરકારે સીબીઆઇ અને રિઝર્વ બેન્ક જેવી મહત્વની સંસ્થાઓને નષ્ટ કરી નાંખી છે.તુણમુલ કોગ્રેસના વડા મમતા બેનરજીએ કહ્યુ હતું કે અમારી પાર્ટી દેશની બરબાદ થતી સંસ્થાઓને બચાવવામાં મહત્વપુર્ણ ભુમિકા નિભાવી શકે છે. તેમણે કોલકત્તામાં પાર્ટીની એક મહત્વપુર્ણ બેઠકમાં કહ્યુ કે એનડીએ સરકાર સંસ્થાઓને ખતમ કરી રહી છે. તેમજ આરબીઆઇ અને સીબીઆઈની કાર્યપ્રણાલીને બદલવાની કોશીશ થઈ રહી છે.પાર્ટીએ મુર્તિઓ બનાવવાનો પોતાનો ચુંટણી એજન્ડા નક્કી કરી લીધો છે.એ આગામી લોકસભા ચુંટણી બાદ ખુદ એક મુર્તિ બની રહેશે. મમતાએ વધુમાં કહ્યુ હતું કે ભગવા પાર્ટી એનઆરસી લાગુ કરીને સાંપ્રદાયિક વિભાજન કરવા માંગે છે.

# કૌભાંડીઓ જ રાજ્યમાં સીબીઆઇ તપાસનો વિરોધ કરે છે : જેટલી



પશ્ચિમ બંગાળ અને આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રીઓ દ્વારા રાજયોમાં સીબીઆઈ તપાસના વિરોધ સામે નાણાંમત્રી અરુણ જેટલી કહ્યુ હતું કે જેમની પાસે છુપાવા માટે ઘણુ હોય છે તેઓ સીબીઆઈને પોતાના રાજયમાં દાખલ થવા દેતા નથી.તેમને એ વાતનો ભય સતાવે છે કે તેમના કોભાંડો ખુલ્લા ના થઈ જાય.એવું કોઈપણ રાજ્ય નથી જયાં ભ્રષ્ટાચાર ન હોય.એવામાં સીબીઆઈને રોકવી તેનો વિરોધ કરવો એ પોતાના બચાવ સમાન છે.મમતા બેનરજી અને નાયડુએ સીબીઆઈના દરોડા પાડવા અને તપાસ ચલાવવા માટે આપેલી મંજુરી પાછી ખેચીઅને મોદી સરકાર પર આરોપો લગાવ્યા તે બરાબર નથી.

# રામોલ પાસે ગૌરક્ષકોની ઓળખ આપી છ શખ્સો ૩૦ પશુઓ લુંટી ગયા

નેશનલ હાઈવે નંબર આઠ પર આવેલા રાજેન્દ્ર પાર્ક ચાર રસ્તા પાસે બનાસકાંઠાના ટ્રક ડ્રાઈવર અને કન્ડ્કટર ૩૦ પશુ લઈને ટ્રકમાં જતા હતા ત્યારે રાત્રે બાઈક પર આવેલા છ શખ્સોએ હુમલો કરી કન્ડકટરને છરી મારી હતી. હુમલાખોરોએ પોતે ગોરક્ષક હોવાની ઓળખ આપી હતી.રામોલ પોલીસે હુમલાખોર અને સામે પશુ મોટી માત્રામાં ગોંધી રાખીને લઈ જતા સામે ગુનો નોધ્યો હતો. હુમલાખોરો સીસીટીવી ફુટેજ મળી જતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠાના મહમદપુરા ગામમાં રહેતા અને ટ્કના કન્ડકટર ઝહીર અબ્દુલ કુરેશીએ પોલીસ ફરિયાદ નોધાવી છે કે શનિવારે ટ્કના ડ્રાઈવર મુસ્તુફા અને હું છાપીથી ૩૦ પાડા ભરીને ભરુચ મંડીમાં જવા રવાના થયા હતા. રાત્રે ૧૨.૩૦ વાગે રાજેન્દ્ર પાર્ક ચાર રસ્તા પાસે પહોચતાં બાઈક પર આવેલા ચાર શખ્સોએ ગોરક્ષક હોવાની ઓળખ આપી ટ્ક પર લાકડીઓ મારી ટ્ક ઉભી રખાવીહતી. દુરથી પોલીસ વાન જોઈ ડ્રાઈવર મુસ્તુફાએ ટ્ક રોકી ભાગવા જતો સામેથી એક બુલેટ આવ્યું હતું બુલેટ પર આવેલા શખ્સોએ ઝહીરને પકડી છરી મારી હતી.બાઈકો પર આવેલા છ શખ્સો ભાગી ગયા હતા. રામોલ પોલીસે હુમલાખોરો સામે પણ ગુનો નોધ્યો છે.

## જાણવા જેવું

જાન્યુઆરી ૨૦૦૯માં વિવિડ પિન્ક તરીકે ઓળખાતા ગુલાબી રંગના હીરાની હરાજી કરવામાં આવી હતી.આ હીરાની આસપાસ બે સફેદ હીરા જડવામાં આવ્યા હતા. અને ૪૩.૬ કરોડ રુપીયામાં તે વેચાયો હતો.

મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્કીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્કીપ્ટના ૩ કરોડ,૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫


# રાષ્ટ્રવાદ અને સંગીતને ધર્મ સાથે કોઇ લેવાદેવા નથી, આ સંદેશો સ્પષ્ટ છે

સંગીતને રાષ્ટ્ર,ધર્મ પ્રદેશ કે ભાષાના કોઈ સીમાડા ન નડવા જોઈએ. સંગીતને મર્યાદામાં બાંધી ના શકાય,તે સમગ્ર માનવતાને ઝંકૃત કરે છે. હિન્દુ કટ્ટરતાવાદીઓએ કર્ણાટકી સંગીતકાર ટી.એમ.ક્રિશ્નાને ભાગ લેવા અટકાવ્યા પછી દિલ્હી કોન્સર્ટ મુલત્વી રાખવી પડી.તેમનો વાંક એટલો હતો કે તેમણે તેમના સંગીતમાં અનેકવાર ખ્રિસ્તી અને મુસ્લીમ થીમનો સમાવેશ કર્યો હતો.ખરેખર, તો આ સર્વ સમાવેશી પ્રયાસ હતો. જેણે હંમેશા ભારતીય સંગીત અને સંસ્કૃતિને જીવંત રાખ્યા છે. શાશક ભાજપ પર આ કટ્ટરવાદીઓનો એવો પ્રભાવ છે કે કોન્સર્ટના સ્પોન્સર સ્પિક મેકે અને એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડીયાએ કટ્ટરવાદી પરીબળો સામે ઝુકવું પડ્યું. આ તો સાંસ્કૃતિક પાશવતા કહેવાય.

આવા ત્રાસવાદ સામે જવાહરલાલ નહેરુ ચોક્કસ રોષે ભરાયા હોત. પણ રાહુલ ગાંધી અને ડરપોક કોગ્રેસી નેતાઓ તરફથી કોઈ પ્રત્યાઘાત ન આવ્યો કારણ કે સોફ્ટ હિંદુત્વ અપનાવવાની લ્હાયમાં તેમણે નહેરુવાદી બિનસાંપ્રદાયિકતાને તિલાંજલી આપી દીધી છે.સદ્નસીબે દિલ્હી રાજ્ય પર શાસન કરનાર આમ આદમી પાર્ટીએ ક્રિશ્નાને તેમની કોન્સર્ટ માટેવૈકલ્પીક મંચ પુરો પાડવા મદદ કરી.

હિન્દુ કટ્ટરવાદીઓએ અનેક કલાકારોને ઝુકાવી નાંખ્યા છે.પણ ક્રિશ્ના નહીં. ક્રિશ્ના કહે છે કે ટ્રોલ આર્મીને સત્તા પર બેઠેલાઓ શરણ આપે છે. મારી સામાજિક સ્થિતિ, રાજકારણ અંગે મારા વિચાર અને ભાજપ શાસન સામે મારી નારાજગીના મુદ્દે ઘણા લાંબા સમયથી મને ટ્રોલ કરવામાં આવી રહ્યો છે.હું પ્રત્યેક સ્વરુપમાં માનું છું. અલ્લાહ,ઈશુ અને રામ,કોઈ ફરક નથી.આ બહુભાષીય અને બહુ ધાર્મિક દેશ છે. હું ક્રિશ્નાની હિંમતને દાદ આપું છું.કોન્સર્ટ મુલતવી રહ્યા પછી ક્રિશ્નાએ ટ્વિટ કર્યુ, જીસસ પરના કર્ણાટકી કંમ્પોઝીશનના સંદર્ભમાં અનેક લોકોએ સોશિયલ મીડીયામાં વ્યકત કરેલી અભદ્ર પ્રતિક્રિયા અને ચેતવણીઓને ધ્યાનમાં લેતાં હું જાહેર કરુ છું કે હું દર મહિને જીસસ કે અલ્લાહ પર એક કર્ણાટકી ગીત રીલીઝ કરીશે.તમામ સંગીતકારો અને કલાકારોએ ક્રિશ્નાના આ વલણને બિરદાવવું જોઈએ.આનાથી આ જ કોન્સર્ટમાં ભાગ લેનાર નર્તકી સોનલ માનસિંહે એક લેખમાં સરકારની તરફેણ કરી હતી. (ભાજપ સરકાર સોનલ માનસિંહનો રાજયસભામાં સભ્યપદે નોમિનેટ કરી ચુકી છે એ કોઈ યોગાનુયોગ નથી.)

હિન્દુસ્તાની સંગીતનો વારસો ભવ્ય છે. અને તેના મુળીયા ઉંડા છે.જે અનેક માટે પ્રેરણા સ્ત્રોત્ર છે.સિતાર એ પર્શિયન સિતાર(ત્રણ દોરીવાળું વાદ્ય ) સરોદનું મુળ અફઘાન રુબાબમાં છે અને હાર્મોનિયમનો ઉદ્ભવ એકોર્ડિયનમાંથી થયો છે. એનાથી વાદ્ય કંઈ મુસ્લીમ,ખ્રિસ્તી કે વિદેશી નથી થઈ જતાં.તેઓ હિંન્દુસ્તાની સંગીતનો હિસ્સો છે.હિન્દુસ્તાની સંગીત માટે બિસમિલ્લાહખાન અને અમજદઅલી ખાન પણ રવિશંકર કે હરિપ્રસાદ ચોરસીયા જેટલાં જ જરુરી છે પછી તેમનો ધર્મ ગેમે તે હોય.ઉત્તર ભારતીયો કદાચ દક્ષિણ કર્ણાટકી સંગીતની સમાવેશી ક્ષમતાથી માહિતગાર નહીં હોય. શાસ્ત્રીય સંગીતને મહદ અંશે પરંપરાગત અને પરિવર્તન માટે પ્રતિકારક તરીકે જોવામાં આવે છે.પણ બ્રિટિશ રાજમાં શોધાયેલું વાયોલિન કર્ણાટકી સંગીતનું એવું અભિન્ન અંગ બની ગયું છે કે તેના અનુયાયીઓને એમ કહેવામાં આવે છે કે વાયોલિન તો વિદેશી શોધ છે તો તેઓ તોડફોડ કરી બેસે.

જયારે પ્પલાપુ શ્રીનિવાસે કર્ણાટકી સંગીત રચવા મેન્ડોલિનનો ઉપયોગ શરુ કર્યો ત્યારે દક્ષિણ ભારતીય શ્રોતાઓ ખુશ થઈ ગયા હતા. તેઓ મેન્ડોલીયન શ્રીનિવાસના હુલામણા માને પ્રખ્યાત થયા.આજે કાદરી ગોપાલનાથ સેક્સોફોન પર કર્ણાટકી સંગતીના અગ્રણી વાદક છે.હિન્દુ કટ્ટરવાદીઓથી વિપરિત આ સંગીતકારો જાણે છે કે સંગીત અને સંગીતના સાધનોને કોઈ સરહદ નથી.

ભજન અને ભલે હિન્દુ ધર્મનું સંગીત કહેવાયું હોય, પણ મુસ્લીમોએ અનેક સુંદર ભજનો ગાયા છે.મોહમંદ રફી સર્વકાલીન ભજન ગાયકોમાંના એક હતા. કદાય ફિલ્મના ઈતિહાસનું સૌથી પ્રસિધ્ધ ભજન ઓ દુનિયાકે રખવાલે(બૈજુ બાવરા)છે. તેનું સંગીત નૌશાદઅલીએ કંમ્પોઝ કર્યુ હતું. શકીલ બદાયુનીએ લખ્યું હતું. અને રફીએ ગાયું હતું. આ ત્રણ મુસ્લીમોએ તૈયાર કરેલુ ંભજન હિન્દુઓ ખુબ ભક્તિભાવથી ગાય છે કારણ કે સંગીતને કોઈ સીમા,બંધનો નડતા નથી.

૫૦ ના દાયકાની ફિલ્મ અમરનું ગીત ઈન્સાફ કા મંદિર હે મારુ મનગમતુ ભજન છે.આગીતનું સંગીત પણ નૌશાદઅલીએ કંમ્પોઝ કર્યુ હતુ. શકીલ બદાયુનીએ લખ્યું હતુ અને રફીએ ગાયું હતું. વળી ફિલ્મના નિર્માતા મહેબુબખાન, ત્રણેય મુખ્ય કલાકારો દિલિપકુમાર(યુસુફ ખાન)મધુબાલા(મુમતાઝ જહાં) અને નિમ્મી(નવાબ બાનો) પણ મુસ્લીમ હતા.શું આ કારણોસર ભજનની ગુણવત્તા પર કોઈ અસર પડી.ના આ ગીતો ફરી એ પુરવાર કરે છે કે સંગીત કોઈ વાડામાં બંધાયેલું હોતું નથી. સંસ્કૃતિના કટ્ટર ઠેકેદારો આપણને હિન્દુ કટ્ટરવાદ ના તાલે નચાવવા માંગે છે.દર વર્ષે ૨૯ જાન્યુઆરીએ નવી દિલ્હીમાં વિજય ચોક પર યોજાતો બિટિંગ રિટ્રીટ એ દેશનો સૌથી રાષ્ટ્રવાદી સંગીત કાર્યક્રમ છે. જેમાં સશસ્ત્ર દળો ભાગ લે છે. દે વર્ષે આ બેન્ડ કવિ ઈકબાલે લખેલું સારે જહાંસે અચ્છા વગાડે છે.તેઓ એબાઈડ વીથ મી પણ વગાડે છે.જે ગાંધીજીનું ફેવરીટ ખ્રિસ્તી ગીત છે.સંદેશો સ્પષ્ટ છે કે રાષ્ટ્રવાદ અને સંગીતને ધર્મ સાથે કોઈ લેવાદેવા નથી.


સ્વામીનાથન એસ.ઐયર
(સૌજન્ય સંદેશ )


**સંગીતને રાષ્ટ્ર,ધર્મ, પ્રદેશ કે ભાષાના કોઈ સીમાડા ન નડવા જોઈએ**


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# સોહરાબુદ્દીન કેસના તપાસ અધિકારી અમિતાભ ઠાકુરે સ્પેશીયલ કોર્ટમાં ઘટસ્ફોટ કરતાં રાજકારણમાં ગરમી

સોહરાબુદીન શેખના નકલી એન્કાઉન્ટરના મુખ્ય તપાસ અધિકારી અને તે વખતના ગાંધીનગર સીબીઆઈના એસપી રહી ચુકેલા અમિતાભ ઠાકુરે કહ્યુ છે કે આ કેસથી ત્યારે ગુજરાતના ગૃહમંત્રી અમિત શાહને રાજકીય અને આર્થિક લાભ થયો હતો.એટલું જ નહીં ઠાકુરે દાવો કર્યો છે કે અમિત શાહ ઉપરાંત એટીએસના પુર્વ ડીઆઈજી ડી.જી.વણઝારા, પુર્વ એસપી(ઉદેપુર) દિનેશ એમ.એન.પુર્વ એસપી(અમદાવાદ)રાજકુમાર પાંડિયન અને પુર્વ ડીએસપી(અમદાવાદ)અભય ચુડાસમાને પણ રાજકીય લાભ મળ્યો હતો.સીબીઆઈનીકોર્ટમાં તેમણે આ ઘટસ્ફોટ કર્યો હતો.તેમણે કહ્યુ હતું કે અમિત શાહ પોપ્યુલર બિલ્ડર્સના માલિકો-પટેલ બંધુઓ દ્વારા રુ.૭૦ લાખની ચુકવણી થઈ હતી.પટેલ બંધુઓને ધમકી અપાઈ હતી કે જો તેઓ નાણાં નહી ચુકવે તો ગંભીર પરિણામો આવશે.ઠાકુરે કોર્ટને કહ્યુ હતું કે વણઝારાને પણ આર્થિક લાભ થયો હતો અને તેને પટેલ બંધુઓ દ્વારા રુ.૬૦ લાખ ચુકવાયા હતા.જો કે આ કેસમાં ટ્રાયલનો સામનો કરી રહેલા કોઈપણ પોલીસ અધિકારીને એન્કાઉન્ટરમાંથી કોઈ રાજકીય કે નાણાંકીય લાભ મળ્યો નથી.ઠાકુરે એક સવાલના જવાબમાં એ બાબતે સંમતિ દર્શાવી હતી કે સોહરાબુદીનને મારવા માટે હાલના આરોપીઓનો કોઈ રાજકીય હેતુ નહોતો.તેમણે એવો ઉલ્લેખ કર્યો છે કે તમામ ૨૦ આરોપીઓ તેમના સુપીરીયર્સ વણઝારા,પાંડિયન,દિનેસ એમ એન.અને અભય ચુડાસમાના દિશાનિર્દેશથી કામ કરી રહ્યા હતા.આ તમામને આ કેસમાંથી મુક્તિ મળી ગઈ છે.ત્યારના સીબીઆઈના ડિરેકટર અશ્વિનીકુમારે આ કેસમાં તમામ ૨૨ આરોપીઓ સામે આરોપ મુકવા કહ્યુ હોવાનો ઈન્કાર ઠાકુરે કર્યો હતો.

# કાશ્મીરમાં હાઇ વોલ્ટેજ પોલીટીકલ ડ્રામા : વિધાનસભાનો ભંગ

જમ્મુ-કાશ્મીરમાં પીડીપી,નેશનલ કોન્ફરન્સ,અને કોગ્રેસ દ્વારા સરકાર રચવા માટે બિનભાજપ ડેમોક્રેટિક એલાયન્સ બનાવવાની કવાયત ચાલી રહી હતી અને ટુંક સમયમાં સરકાર રચવાના સંકેતો આવી રહ્યા હતા ત્યારે કેન્દ્ર સરકારે તેમના ગર્વનર દ્વારા વિધાનસભા ભંગ કર્યાનો સંદેશો આપી દીધો.

મહેબુબા મુફતીએ રાજ્યના ગર્વનરને પત્ર લખીને આ ત્રણેય પક્ષોનું જોડાણ શક્ય બન્યુ છે તેની જાણ કરી હતી.પરંતુ રાજ્યપાલે જમ્મુ-કાશ્મીરના બંધારણની કલમ ૫૩ મુજબ વિધાનસભાનો ભંગ કર્યો હતો.વિધાનસભાનો ભંગ કરીને નવેસરથી ચુંટણીઓ કરવાની માંગણી છેલ્લા પાંચ મહિનાથી થઈ રહી હતી પરંતુ તેને સાંભળવામાં આવતી નહોતી. પરંતુ જ્યાં સરકાર રચવાની તૈયાર થતી દેખાઈ કે રાજ્યપાલશ્રી જાગ્યા અને તેમણે વિધાનસભા ભંગનો આદેશ બહાર પાડી દીધો.

કાર ભાડે મળશે

લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે

મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭
લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે


# આંધ્ર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં સીબીઆઇને એન્ટ્રી માટે સરકારની લેખિત પરવાનગી લેવી પડશે

સીબીઆઈ ભ્રષ્ટાચાર પર એક તરફી તપાસ કરી રહી હોવાના કાગારોળ બાદ, આંધ્ર અને પશ્ચિમ બંગાળની સરકારે રાજ્યમાં સીબીઆઈના સીધા હસ્તક્ષેપ પર પાબંધી ફરમાવી દીધી છે.આંધ્ર સરકારે ઓગષ્ટમાં દિલ્હી પોલીસ સ્થાપના કાયદા હેઠળ સીબીઆઈને રાજ્યમાં તપાસ અને દરોડાની અનુમતિ આપી હતી. પરંતુ હવે આઘ્ર પ્રદેશ અને પશ્ચિમ બંગાળે દિલ્હી પોલીસ સ્થાપના કાયદા હેઠળની સર્વસંમતિ પરત ખેચતા સીબીઆઈ માટે રાજયના દ્વાર બંધ થયા છે.સીબીઆઈ પર પાબંદી મુક્યા બાદ રાજ્ય સરકારે તપાસ, દરોડા કે તલાસીનું કામ એન્ટકરપ્શન બ્યુરોને સોપવાનો નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલા આદેશમાં જણાવાયું હતું કે સીબીઆઈના દુરપયોગના આક્ષેપો બાદ મુખ્યમંત્રી નાયડું એ આ પગલું ભર્યુ છે.રાજ્ય સરકારના આદેશ બાદ સીબીઆઈ રાજ્યની અંદર સીધો હસ્તક્ષેપ નહીં કરી શકે.સીબીઆઈને કોઈ કેસની તપાસ માટે આંધ્ર આવવું હશે તો રાજ્ય સરકારની પુર્વ મંજુરી લેવી પડશે. અને મંજુરી મળ્યા બાદ જ રાજ્યમાં આવી શકશે.નાયડુના આ નિર્ણય બાદ આંધ્ર અને કેન્દ્ર સરકાર વચ્ચે ટકરાવી સ્થિતિ પેદા થશે તે નક્કી છે.આંધ્રના નિર્ણય પર સીબીઆઈએ સત્તાવાર રીતે કંઈ કહ્યુ નથી પરંતુ સીબીઆઈ સુત્રોના જણાવ્યા મુજબ જો બીજા રાજ્યોએ આંધ્રના પગલાનું અનુકરણ કર્યુ તો સીબીઆઈની સ્થિતિ ન ઘરની ન ઘાટની જેવી બની રહેશે.

ચંદ્રબાબુ નાયડુએ એવો આક્ષેપ કર્યો હતો કે કેન્દ્ર સરકાર સેન્ટ્રલ એજન્સીઓનો દુરપયોગ કરીને તેમની સરકારને ઉથલાવી નાંખવાનો કારસો કરી રહી છે.સીબીઆઈ અને ઈન્કમટેક્ષ વિભાગ આંધ્ર સરકારને ઉથલાવવા કેન્દ્રને સાથ આપી રહ્યા છે.આવી સ્થિતિમાં સીબીઆઈની એન્ટ્રી અટકાવવી જરુરી હોવાથી આ કદમ ઉઠાવાયું છે.નાયડુંએ કહ્યુ હતું કે ભાજપે વાયએસઆર કોગ્રેસના નેતા જગનમોહન સાથે મળીને આંધ્ર સરકારનો અસ્થિર બનાવી રહી છે.સીબીઆઈ પર પાબંધી મુક્યા બાદ નાયડુએ કહ્યુ હતું કે કેન્દ્ર સરકાર હિંદુઓની ભાવનાને ભડકાવી રહી છે. આંધ્રની કાનુન વ્યવસ્થા ખરાબ



કરવા માટે બિહાર અને બીજા રાજયોમાંથી ગુંડાઓને અહીં ધકેલવામાં આવી રહ્યા છે.

પશ્ચિમ બંગાળની મમતા બેનરજીની સરકારે પણ આંધ્રના ચંદ્રાબાબુ નાયડુ સરકારના નિર્ણયને



અનુસરતાં સીબીઆઈને સોપવામાં આવેલી સામાન્ય મંજુરી પાછી ખેચીં લીધી છે.મમતા બેનરજીએ પણ નાયડુને સમર્થન આપતાં કેન્દ્રની ભાજપ સરકાર પર સીબીઆઈના દુરપયોગના આરોપ લગાવ્યા હતા.પશ્ચિમ બંગાળે ૧૯૮૯માં તત્કાલીન ડાબેરી સરકારના શાસન દરમિયાન સીબીઆઈને સામાન્ય મંજુરી આપી હતી.પશ્ચિમ બંગાળના એક અધિકારીના જણાવ્યા મુજબ બહાર પાડેલા જાહેરનામા પછી સીબીઆઈએ હવે અદાલતના આદેશ ઉપરાંત અન્ય કોઈપણ કેસમાં તપાસ માટે હવે રાજ્ય સરકારની મંજુરી લેવી પડશે.ભાજપના રાજ્યસભાના સભ્ય જીવીએલ નરસિંહા રાવે એક નિવેદનમાં જણાવ્યુ હતું કે રાજ્ય સરકારે સીબીઆઈના વર્તમાન ઘટનાક્રમનું બહાનું લીધું છે.હકીકતે તેની ઈચ્છા ભ્રષ્ટાચારીઓને બચાવવાની તેમજ ભ્રષ્ટાચાર અને અપરાધિક કૃત્યોમાં સામેલ લોકો,સંગઠન અને રાજનેતાઓને સંરક્ષણ આપવાનું છે.

આંધ્ર સરકારે દિલ્હી પોલીસ સ્થાપના કાયદા ૧૯૪૬ હેઠળ પ્રદાન કરવામાં આવેલી સર્વસંમતિ પરત ખેચી લીધી છે. સરકાર દ્વારા જારી નોટીફીકેશનમાં કહેવાયું છે કે દિલ્હી પોલીસ સ્થાપના કાનુન ૧૯૪૬ની ધારા ૬ હેઠળ દિલ્હી પોલીસના સભ્યોને આંધ્રમાં તેની સત્તાઓનો ઉપયોગ કરવાની જે સર્વસંમતિ અપાઈ હતી તે પરત લેવામાં આવે છે.સીબીઆઈ ૧૯૪૬ના દિલ્હી પોલીસ સ્થાપના કાયદા હેઠળ કામ કરે છે. દિલ્હી પોલીસ સ્થાપના કાયદા અનુસાર સીબીઆઈ દિલ્હીમાં પુર્ણ સત્તા અને અધિકાર ધરાવે છે.પરંતુ સીબીઆઈ દિલ્હી સિવાયના રાજ્યોની સરકારોને સર્વસંમતિને આધારે જ કાર્યવાહી કરી શકે છે.હવે સીબીઆઈ આંધ્ર વિરુધ્ધ કોર્ટમાં જશે કે કેમ તે એક સવાલ છે.

સીબીઆઈની એન્ટ્રી અટકાવવાના નિર્ણયને કાયદા હેઠળ કોર્ટમાં પડકારી શકાય કે કેમ તેનો વિકલ્પ સરકાર શોધવાનો પ્રયત્ન કરશે.કારણકે ભાજપને ૨૦૧૯ની ચુંટણી જીતવા માટે સીબીઆઈ પોપટનો દુરપયોગ કરવાનો છે તેવી ધારણા વિરોધ પક્ષો રાખી રહ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલા નોટીફીકેશન મુજબ હવેથી સીબીઆઈ રાજ્યમાં કોઈ તપાસ કરવા માંગતી હશે તો લેખિત મંજુરી વગર કોઈપણ અધિકારીને રાજ્યમાં આવવા નહીં દેવાય.

ગ્લોરી કેટરીગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ એ. એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.